# યુવાન વિધવાને પરિવાર મળે છે

**પ્રાર્થના :** હે પ્રભુ રૂથ, નાઓમી અને બોઆઝે તેમના સંગાઓ પર જેવો પ્રેમ કર્યો તેવો પ્રેમ કરતાં બાળકો પણ શીખે એ માટે સહાય કરો.

પ્રેમ વિષે એક મહાન વાર્તા શીખવવાની તૈયારી કરો. રૂથના પુસ્તકમાંથી ૧ થી ૪ અધ્યાય વાંચો.

- બોઆઝનો રૂથ પરનો પ્રેમ એ તો ખ્રિસ્તે તેના પર વિશ્વાસ કરનારાઓ પર પ્રેમ કરીને કેવી રીતે તેમને તાર્યા તેનું ઉદાહરણ છે.
- આ વાર્તા તમે એક અઠવાડિયું કહી શકો કે પછી તેનો કોઈ ભાગ કહો.
- મોટા બાળકો કે વડીલ વ્યક્તિ તેની સ્મરણશક્તિનો ઉપયોગ કરીને રૂથની વાર્તા કહે ત્રણ કે ચાર બાળકોને અધ્યાયમાંથી મુખ્ય બનાવો વિષે બોલવા દો.

**અધ્યાય -૧.**

- એક ઈસ્ત્રાએલી માણસ તેની પત્ની નાઓમી તથા બે પુત્રો સાથે ઈસ્ત્રાએલ દેશ તજીને મોઆબ દેશમાં રહેવા ગયો.
- ત્રણ પુરુષો મરી ગયા અને ત્રણ વિધવાઓ પાછળ રહી. નાઓમી હવે ઈસ્ત્રાએલ દેશમાં ખોરાક માટે પાછી ફરી રહી છે.
- રૂથ અને ઓર્પાહ બંને નાઓમી સાથે જવા ચાહતા હતા. પણ નાઓમીએ તેમને તેમના પિયરોમાં વસવા જવાની સલાહ આપી.
- ઓર્પાહ ખૂબ રડી અને પછી તે પિયરમાં પાછી ગઈ. પણ રૂથ વિધવા સાસુને પ્રેમ તથા વફાદારીપૂર્વક વળગી રહી અને તેની સાથે તેને ઈસ્ત્રાએલ દેશમાં લઈ જવા વિનંતી કરવા લાગી.

**અધ્યાય -૨.**

જ્યારે રૂથ તેના ખેતરોમાં સળો વીણતી હતી ત્યારે ધનવાન બોઆઝે રૂથ પ્રત્યે દયા તથા લાગણી દર્શાવી તેના ઉમદા હૃદયના દર્શન કરાવ્યા છે. પ્રાચીન ઈસ્ત્રાએલમાં કાયદો હતો કે લણનારાઓએ ગરીબ લોકો માટે પાછળ કાંઈક રહેવા દેવું જેને ગરીબો વીણી શકે.

- પોતાના માટે તથા નાઓમી માટે રૂથને ક્યાંથી અનાજ મળ્યું ? (ઉત્તર માટે રૂથ ૨ :૩)
- ખેતરમાં રૂથ કેવી કઠોર મહેનત કરતી હતી ? (કલમ ૭)
- રૂથ ગરીબ અને પરદેશી હતી તેથી શું બોઆઝ તેની સાથે ગેરવર્તાવ કર્યો ? (કલમ ૧૪-૧૫)
- ગરીબ સાસુ નાઓમીને મદદ કરવા રૂથે શું કર્યું ? (કલમ ૧૮)

**અધ્યાય - ૩.**

- રૂથ હિંમતપૂર્વક બોઆઝને તેની સાથે લગ્ન કરીને તેના સગા તરીકેના અધિકારને પાળવાનું કહે છે.
- પ્રાચીન રિવાજ પ્રમાણે જે નિકટનો પુરુષ સગો હોય તેને બદલો લેવાનો કે હિંસા કે ગરીબીનો ભોગ બન્યા હોય, જેના વારસદાર ન હોય તેને છોડાવવાનો હક મળતો હતો.
- બોઆઝ તો આપણા પ્રભુ ઈસુનું પ્રતિક છે જેણે આપણને શેતાનના હાથમાંથી છોડાવ્યા છે.

**અધ્યાય - ૪.**

- બોઆઝ રૂથ સાથે લગ્ન કરવા માટે પોતાના કરતાં વધુ નિકટના સગાની સાથે ખૂબ જ ચતુરાઈથી વર્ત્યો.

- બોઆઝ તથા રૂથે લગ્ન કરવામાં અને ત્યારપછી પોતાના બાળકનો ઉછેર નાઓમીને સોંપવામાં પ્રેમ પ્રગટ કર્યો છે.
- રૂથ મહાન રાજા અને ઈસુના પૂર્વજ દાઊદની વડદાદી બની.

રૂથની વાર્તાનું નાટક ભજવો. મંડળી, સંગતના આગેવાનો સાથે નાટક ભજવવાનું આયોજન કરો. મોટા બાળકો તૈયારીમાં નાના બાળકોની મદદ કરે.

મોટા બાળકો રૂથ, નાઓમી અને ઉદ્‌ઘોષકનો ભાગ ભજવે અને નાના બાળકોને તેમનો પાઠ તૈયાર કરવામાં મદદ કરે.

નાનાં બાળકો ઓર્પાહ તથા ખેતરના ચાકરોનો પાઠ ભજવે. લણણી માટે તેઓ હાથમાં સોટીઓ કે પાંદડા રાખે.

**નાટક**

**ઉદ્‌ઘોષક** : ટૂંકાણમાં રૂથના પહેલા અધ્યાયનો પહેલો ભાગ વર્ણવે પછી કહે - ''નાઓમી રૂથ તથા ઓર્પાહને શું કહે છે તે સાંભળો''

**દશ્ય -૧**

**નાઓમી** : આપણા પતિઓ તો મરી ગયા છે. હું તો મારા ઈસ્ત્રાએલ દેશમાં પાછી જાઉં છું તમે પણ તમારા કુંટબોમાં પાછી જાવ.

**ઓર્પાહ** : નાઓમીને ભેટીને રડે છે અને પાછી જાય છે.

**રૂથ** : (ઘૂંટણે પડીને નાઓમીને વિનંતી કરે છે.) ''તમે જ્યાં જશો ત્યાં જ હું તો જઈશ અને તમે જ્યાં રહેશો ત્યાં જ હું તો રહીશ. તમારા લોક તે મારા લોક અને તમારા પ્રભુ તે જ મારા પ્રભુ છે. તમે જ્યાં મરશો તે જગામાં જ હું મરણ પામીશ. *(બંને સાથે જાય છે)*

**દશ્ય -૨**

**ઉદ્‌ઘોષક** : રૂથના પુસ્તકના બીજા અધ્યાયની વાર્તા કહે પછી કહે -''હવે રૂથ નાઓમીને શું કહે છે તે સાંભળો

**રૂથ** : માજી, આપણે ખોરાકની જરૂર છે. તમે રજા આપો તો હું ખેતરોમાં જઈને લણનારાઓથી રહી ગયેલા દાણા હું વીણી લાવું.

(ખેતરના ચાકરોની પાસે જાઓ અને જમીન પરથી દાણા વીણાવાનો અભિનય કરો)

**બોઆઝ** : મારા ખેતરમાં સળો કરી રહેલી પેલી સ્ત્રી કોણ છે ?

**ચાકરો** : એ તો પરદેશી વિધવા બિચારી રૂથ છે. તે તો ખૂબ જ કામ કરે છે અને ભાગ્યે જ આરામ કરે છે.

**બોઆઝ** : રૂથને જઈને કહો કે તેં નાઓમી પ્રત્યે જ દયા દર્શાવી છે તે વિષે મેં સાંભળ્યું છે. મારા ખેતરોમાં રહીને કામ કરજે અને મારા ચાકરોને માટે જે ભોજન આવે તેમાંથી તું જમજે.''

**બોઆઝ** : મારા ચાકરોને કહો રૂથને દાણા વીણવા દેજો. તેને હેરાન કરશો નહિ. તેને મળે માટે કેટલાંક દાણા પડી જવા દેજો.

**ઉદ્‌ઘોષક** : તે સાંજે રૂથ નાઓમીને શું કહે છે તે સાંભળો.

**રૂથ** : માજી, બોઆઝના ખેતરમાંથી વીણી લાવેલા આ દાણા જુઓ, એ તો તમારા જ છે.

**નાઓમી** : દીકરી, બોઆઝ આપણો નિકટનો સગો છે. તે ગરીબ વિધવાઓ તરફ દયાળુ છે. પ્રભુ તેને આશિષ આપો. આ ફસલ દરમ્યાન તું બીજા કોઈના ખેતરમાં કામ કરવા જઈશ નહિ.

**ઉદ્‌ઘોષક** : ટૂંકમાં ત્રીજા અધ્યાયની વાર્તાની સમીક્ષા કરો ત્રીજા અને ચોથા અધ્યાયની રજુઆતો ફરીથી કરો હવે નાટક પુરું થયું છે તે વિષે સહાય કરનાર સર્વનો આભાર માનો.

*ત્યાર પછી....*

**પ્રશ્નો :** જો બાળકોએ આ વાર્તાનું નાટક પુખ્તવયનાં માટે ભજવ્યું હોય તો બીજા અધ્યાયના પ્રશ્નો પૂછો .

**ચિત્ર :** સ્થાનિક પાકનું ચિત્ર દોરો અને બાળકોને તેની નકલ કરવા દો. ભજનના સમયે બાળકોને તેમના ચિત્રો વડીલોને બતાવવા દો તેમને કહો કે આ તો બતાવે છે કે રૂથ અને બોઆઝ તેમના આશીર્વાદો પોતાના પરિવારમાં કેવી રીતે વહેંચે છે.

**ચર્ચા** કરો કે અન્ય ઉદાહરણોમાં પણ પ્રભુ પરિવારના સભ્યોનો આપણી સંભાળ લેવા માટે કેવી રીતે ઉપયોગ કરે છે. બાળકો અને પુખ્તો તેના દાખલા આપે. પછી પૂછો - ઈશ્વરે આપણને ક્યા મહાન પરિવારના ભાગ બનાવ્યા છે ?

**ગીત** ચાર બાળકો નીતિવચન ૩૧ :૧૦,૧૫,૨૦ અને ૩૦ બોલે

મોટા બાળકો રૂથ ૧ :૧૬-૧૭માં રૂથના શબ્દોનું બનાવેલું ગીત ગાય.

**મુખપાઠ** : એફેસી ૬ : ૧-૩.

**પ્રાર્થના** : હે પ્રભુ, અમારા પરિવારોને માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમારા માતાપિતાનો આદર કરવામાં તથા તમારી જેમ એકબીજાની એવા કરવામાં અમારી સહાય કરો અમારા પરિવારના સભ્યો તમને તારનાર તરીકે સ્વીકારે એવું થવા દો.''